ફોજદારી કેસ નંબર ૫૫૬/૨૦૧૬

—: અંક-૧ ઉપરનો હુકમ :—

૧. આજ રોજ કેસ રેકર્ડ પર આવે લેતા, સદર કામે આરોપી આરોપી વિરૂધ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવા માં આવેલ .

૨. ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીએ પરિપત્ર દ્વારા સ્પેશિયલ સીટીંગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે. આ તબક્કે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ–૨૫૮ વંચાણે લેવી જરૂરી છે. જે વંચાણે લીધી.

૩. આમ, આ કલમ વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયનાં કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જ્યારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨ (ઘ) પરથી શરૂ થયેલ નથી. આ કામેનું રેકર્ડ જોતાં, આરોપી હાજર રહે છે આંક ૨ થી નિવેદન નોંધવામાં આવેલ આંક ૩ થી ફરિયાદી નો સમનસ પરત આવેલ છે આંક ૬ થી ફરિયાદી નો સમન્સ ફરી પરત આવેલ છે, આંક ૯ થી તપાસ કરનાર અમલદાર નો પ્રોસેસ પરત આવેલ આમ સદર કામે ફરિયાદી કે તપાસ કરનાર અમલદાર નો પુરાવો સરકાર પક્ષ રજુ કરી શકેલ નથી, જે જોતાં જો ભવિષ્ય માં ફરિયાદી કે સાહેદો ને હાજર રાખવા સરકાર પક્ષ સફળ થાય તો ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહિ. જે અન્વયે હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયનાં હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

—: હુ કમ :—

હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, હાલ ના આરોપી બાબત માં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ આ તબક્કે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ મેજિસ્ટ્રેટ તરીકે ની સ્પેશ્યલ સીટીંગ માં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૧૯

મુ. અમદાવાદ.

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
એડિ. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૯, અમદાવાદ.
Unique Code No. GJOO854.